॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

# સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● મહા વદ - ૧૦ ● તા. ૦૮-૦૩-૨૦૨૧ ● સોમવાર SDP NO: 324 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com


Towards a new dawn

## ૮ મી માર્ચ મહિલા દિવસ

CHOOSE TO CHALLENGE

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે આપણે સંકલ્પ કરીએ કે
ગુજરાતની મહિલાઓ ઉત્તમ સમાજના નિર્માણ માટે કટિબદ્ધ બને, ભ્રુણહત્યા અટકાવીએ...
મહિલાઓનું ગૌરવ અને સન્માન વધે એ દિશામાં સૌના સાથ સૌના વિકાસને સાર્થક બનાવીએ.

**સશક્ત નારી - સશક્ત ભારત**

દર વર્ષે ૮ માર્ચના રોજ દુનિયાભરમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Women's Day)નુ આયોજન થાય છે. મનમાં સવાલ ઉભા થાય છે કે **આ પરંપરાની શરૂઆત ક્યારથી થઈ ?** સાથે જ મહિલા દિવસ મનાવવા પાછળ હેતુ શુ છે ?

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઈતિહાસની વાત કરીએ તો સૌ પહેલા આને વર્ષ ૧૯૦૯માં ઉજવવામાં આવ્યો. ત્યારબાદ આ દિવસને ૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્ર સંઘે માન્યતા આપી. પછી તો દુનિયાભરમાં આને ઉત્સાહપૂર્વક ઉજવવાની શરૂઆત થઈ.

આ દિવસ ઉજવવાનો મકસદ મહિલાઓ પ્રત્યે સન્માન, તેમની પ્રશંસા અને તેમના પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવાનો છે. આ દિવસે ખાસ કરીને એ મહિલાઓ પ્રત્યે સન્માન પ્રગટ કરવામાં આવે છે. જેમણે આર્થિક રાજનીતિક અને સામાજીક ક્ષેત્રોમાં મુખ્ય ઉપલબ્ધિયો મેળવી છે. ખાસ કરીને મહિલાઓના સંઘર્ષનો ઉલ્લેખ કરતા તેમની સફળતાની વાનગી રજુ કરવામાં

**લેખક એસ્થર ડેવિડે જણાવ્યું કે,** 'મહિલાઓ એકબીજાને સહકાર આપીને નારીત્વને સમૃદ્ધ કરશે તો સામાજિક સ્થિતિમાં જલ્દીથી બદલાવ આવશે, ત્યારે જ દરેક દિવસ વીમેન્સ ડે બની જશે.

**વૈજ્ઞાનિક અને સંશોધક પ્રોફેસર અમિતા દાસે કહ્યું કે,** 'મારી મા મારી પહેલી ટીચર બની રહી, તો મારી બહેને ઘરની બધી જ જવાબદારી ઉપાડી. જેથી હું મારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકું.

**નવલકથાકાર અને કટારલેખક કાજલ ઓઝા વૈદ્યે જણાવ્યું કે,** 'મેં બારમાં બે પુરુષોને ડ્રિંકનો ગ્લાસ ઓફર કરતાં જોયા છે, પણ ક્યારેય કોઈ પુરુષને કોઈ બુક સ્ટોરમાં એક સ્ત્રીને પુસ્તક ઓફર કરતા નથી જોયા. સમાજની આ સ્થિતિ બદલાશે ત્યારે કોઈ બદલાવ શક્ય બનશે.

ગત ૨૬ જાન્યુઆરીએ ઈન્ડિયન **એરફોર્સની રેજિમેન્ટને લીડ કરનાર સ્ક્વોડ્રન લીડર સ્નેહા શેખાવતે કહ્યું કે,** 'તમારું નસીબ તમારે જાતે જ ઘડવાનું છે. હવે કુંઠિત માન્યતાઓનો સમય બદલાયો છે, અને આજે અમારા જેવા યુવાનો કોઈ પણ પડકારને ઝીલવા માટે તૈયાર છે.

**જ્યુડી ફેટરે કહ્યું કે,** 'હું છેલ્લા ૨૫ વર્ષથી કચ્છના ગામડાંની સ્ત્રીઓ સાથે કામ કરી રહી છું. તેમના અસ્તિત્વ સામે લડવાના જુસ્સાથી હું શીખી છું કે, 'જો આપણી પાસે સપનું હશે તો સાકાર કરીશું જ.'

**રાષ્ટ્રીય ટેનિસ પ્લેયર અંકિતા રૈના કહે છે,** 'મહેનત કરવા તૈયાર રહો અને પડકારો સામે મજબૂતીથી લડો કારણ કે હું માનું છું કે, જેટલું વધુ મજબૂત એટલું વધુ સુંદર.'

## ૮ માર્ચ ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે માતૃશક્તિ ને બે હાથ જોડી, ત્રીજુ મસ્તક નમાવી નત મસ્તકે નમન

**- રમેશભાઈ રંગાણી, તિરુચ્ચેગોડ.**

મિત્રો,

દર વર્ષે ૮ માર્ચ ના દિવસે સમગ્ર વિશ્વ મા મહિલા દિન ઉજવવા મા આવે છે..આ દિવસ ઉજવવા પાછળ નો હેતુ વિશ્વ ની અડધી જનસંખ્યા એટલે કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે. સામાજિક ઉત્થાન માં મહિલાઓ ની ભૂમિકાની અગત્યતા ને ધ્યાન માં રાખી તેમના માં શિક્ષણ નો વ્યાપ વધે તેમજ તેઓ કુરિવાજો તથા રુઢીઓમાંથી બહાર આવે તે માટે નુ આયોજન કરવામાં આવે છે.વર્તમાન સમય મા પણ વિશ્વ ના દેશો માં સ્ત્રી સાક્ષરતાનો દર ઘણો નીચો છે. જોકે મહિલાઓ મા જાગૃતી પણ એટલા જ પ્રમાણ માં દેખાય છે.આજે વિજ્ઞાન ટેક્નોલોજી સહિત વિવિધ ક્ષેત્રો માં મહિલાઓ પોતાનુ યોગદાન આપી રહી છે.આમ છતાં કેન્દ્ર સરકાર અને વિવિધ રાજ્ય સરકારો કન્યા કેળવણી, નારીશક્તિ માટે ઘણી બધી સ્કીમો ચલાવી નારી ઉત્થાન મા યોગદાન આપી રહી છે.વર્તમાન સમય મા અવકાશ સંશોધન, રમતગમત ક્ષેત્ર, રાજકીય ક્ષેત્ર એમ વિવિધ ક્ષેત્રો મા મહિલાઓ પોતાની ક્ષમતા પુરવાર કરી રહી છે.આજે મહિલાઓ પુરુષ સમોવડી બની આગળ વધી રહી છે.મહિલાઓ શક્તિ નુ સ્વરૂપ છે.સ્ત્રીઓ એમના પરિવાર માટે સમગ્ર જીવન સમર્પણ કરી દેતી હોય છે.વાત કરુ મારી સમાજ ની તો શ્રી સમાજ, મહિલા સંઘ, યુવાસંઘ મહિલાઓ ઉત્થાન ના આયોજન માટે હમેંશા પ્રયત્નશીલ રહી ગતિશીલ રહેછે.. અને નજર કરીશુ મારા યુવાસંઘ મા તો આજે વિવિધ પદો પર નારી શક્તિ કાર્યરત બની પુરુષ સમ સેવારત છે..

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે મારી સમાજ ની તમામ નારી શક્તિ ને મારુ આ શબ્દ ચિત્ર સમર્પિત...

## અમદાવાદ ઝોન સમાજની ડારોબારી અમદાવાદ દસમ સમૂહ લગ્નોત્સવ તા.૧૫.૧૧.૨૧ ના આયોજિત થશે

આજ રોજ તા.૭.૩.૨૧ ના અમદાવાદ ઝોન ની નરોડા ખાતે મળેલ કારોબારી માં નક્કી થયા મુજબ અમદાવાદ સમૂહ લગ્ન સમિતિ આયોજિત દસમ સમૂહ લગ્ન

**તા.૧૫.૧૧.૨૧, સોમવાર**

**કારતક સુદ બારસ**

**તુલસી વિવાહ ના દિવસે ઉમિયા કેમ્પસ સોલા ખાતે રહેશે**

લગ્ન માં જોડાવા ફોર્મ મેળવવા અમદાવાદ ઝોન..સમૂહ લગ્ન સમિતિ કે સ્ઝ્ઝ ના કારોબારી સભ્ય નો સંપર્ક કરવા વિન્નતી...OBU

| | |
|---|---|
| શ્રી નરસિંહ ભાઈ સાંખલા પ્રમુખ. | ડૉ. વિઠ્ઠલ ભાવાણી ભાવાણી |

**અમદાવાદ સમૂહ લગ્ન આયોજન સમિતિ, અમદાવાદ ઝોન, શ્રીસમાજ.**

## મારુ ગૌરવ મારુ સ્ત્રીત્વ હોવું

**- રંજન ભાવાણી, કાઉન્સિલ સેક્રેટરી.**

પૂછ્યું મે દર્પણ ને
બોલ કેવી લાગુ હું?
જોઈ મને થોડીક વાર કે...

કપાળ પર રેખા દેખાઈ છે, પણ ચિંતા તેમાં પોતના ની છે.

આંખો મા કાજલ નથી, નીચે કાળા કુંડાળા છે, પોતાનાં ના માટે તું ઠીક થી સૂતી નથી.

કાન મા વાળી પહેરી નથી, તો પણ મૌન તું સમજી જાય છે.

હોઠ પર લાલી લગાવી નથી, તો પણ શબ્દો મા પ્યાર ઝલકે છે.

નખ છે તૂટેલા, હાથો મા સ્વાદ અનોખો આવી ગયો છે.

કમર તારી પાતળી નથી,ઝૂકતા આવડી ગયું છે.

પેટ થોડુક બહાર છે, પોતા ને સમય ના દેવાની સજા છે.

ઘૂંટણ મા થોડોક દુખાવો છે, કેમ કે ઘર માં દોડ તારી મેરાથન વાળી છે.

તું કાલે ભી સુંદર હતી, આજે પણ છે...

કાલે તું ચંચળ રાધા હતી, આજે લક્ષ્મી બની ગઈ છે.

## આજની ચિંતનકણિકા

શિક્ષણધર્મ....(૯)

જેમ ધર્મ અને સંપ્રદાયના સાચા સ્વરૂપને ન સમજવાથી સમાજમાં અરાજકતા ઉત્પન્ન થાય છે તેમ શિક્ષણના સાચા સ્વરૂપને ન સમજવાથી ભ્રમ, ભૌતિકતા અને ભયના સામ્રાજ્યમાં સમાજઘટકો લપેટાય છે અને ક્યારેક બહાર જ ન નીકળી શકાય એવા વમળમાં ફસાય છે.

આવું શિક્ષણ જો મુક્તિને બદલે બંધન આપતું હોય તો એના સ્વરૂપને અને એની વ્યવસ્થાને બદલવાં જ રહ્યાં. સમાજના ઘણા શુભચિંતકો આ માટે કામે લાગ્યા છે. સરકાર પણ ચિંતિત છે અને તાજેતરમાં પ્રસિદ્ધ કરેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં એનું પ્રતિબિંબ પણ પડ્યું દેખાય છે. સમુદ્રમંથન ચાલુ છે...હળાહળ વિષ પછી અમૃત જરૂર પ્રગટશે એવી આશા છે.

ચાલો
પુસ્તકની સાથોસાથ પ્રકૃતિને પણ વાંચીએ,
પાઠ્યપુસ્તકોનાં અભ્યાસની સાથે જીવ, જગત અને
જગદીશનું જ્ઞાન મેળવવા સ્વ-અધ્યયન પણ કરીએ,
ગૃહકાર્યની સાથેસાથે સમાજકાર્ય પણ કરીએ....
અને જીવનની પ્રત્યેક ક્ષણને શિક્ષણના માધ્યમથી શિષ્ટ અને ચેતનવંતી બનાવીએ.

(ક્રમશઃ)

**મિશન અભિમન્યુ**
**શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ**
**SUV International School.**

## -: અવસાન નોંધ :-

**તા. ૫/૩/૨૦૨૧ શુક્રવાર**

**સ્વ. નારાયણભાઈ ધનજી રૂડાણી,** ઉમર : ૬૮ વર્ષ,
કચ્છ માં ગામ : દેવપર, હાલે : નાગપુર.

**સ્વ. વિજયાબેન નરસિંહભાઈ બાથાણી,** ઉમર : ૫૬ વર્ષ,
કચ્છ માં ગામ : વિરાણી(મોટી), હાલે : ભોપાલ.

**તા. ૬/૩/૨૦૨૧ શનિવાર**

**સ્વ. દિનેશભાઈ રામજીભાઈ ચૌધરી,** ઉમર : ૫૪ વર્ષ,
કચ્છ માં ગામ : ગાંધીધામ, હાલે : ડોંબીવલી (મહારાષ્ટ્ર).

**તા. ૭/૩/૨૦૨૧ રવિવાર**

**સ્વ. પ્રેમજીભાઈ કાનજીભાઈ સાંખલા,** ઉમર : ૮૫ વર્ષ,
કચ્છ માં ગામ : ધડુલી(લખપત), હાલે : નડિયાદ.

**સ્વ. મરઘાબેન કેશરાભાઈ સાંખલા,** ઉમર ૮૩ વર્ષ,
કચ્છ માં ગામ : ધડુલી (સ્થાનિક).

**સ્વ. શિવદાસભાઈ દેવજીભાઈ પોકાર,** ઉમર : ૬૭ વર્ષ,
કચ્છ માં ગામ : કાદીયા (નાના), હાલે : હરદા (મધ્યપ્રદેશ).

## મહિલા શક્તિ નું સમર્પણ તેનું ગૌરવ

દેશ જે દિવસે "આઝાદ" થયો ત્યારે પહેલી "સહી" "ભાવનગરના મહારાજા"એ કરી. ગાંધીજી પણ એક "ક્ષણ" માટે "સ્તબ્ધ" થઈ ગયેલા. "૧૮૦૦ પાદર - ગામ" "સૌથી પહેલા આપનારા" એ "ભાવનગરના "મહારાજા કૃષ્ણકુમારસિંહજી."

"ભાવનગર મહારાજે" વલ્લભભાઈ પટેલને પૂછ્યું , વલ્લભભાઈ મને "પાંચ મિનીટ"નો સમય આપશો?

"વલ્લભભાઈ"એ "મહારાજા"ને કહ્યું કે, "પાંચ મિનીટ" નહીં "બાપુ", તમે કહો એટલો સમય આપું.

ભાવનગર "મહારાજે" વલ્લભભાઈને વાત કરી કે, આ "રાજ" તો "મારા બાપ"નું છે, "મારું" છે. "સહી" કરું એટલી વાર છે. દેશ આઝાદ થઈ જશે, પણ "મહારાણી"નો જે "કરિયાવર" આવ્યો છે એનો "હું માલિક" નથી. મારે "મહારાણી"ને પુછાવવું છે કે એ "સંપત્તિ"નું શું કરવું?

એક માણસ "મહારાણી"ને પૂછવા ગયો.

માણસે "મહારાણી"ને કહ્યું કે, "મહારાજ" સાહેબે પૂછાવ્યું છે કે પોતે સહી કરે એટલી વાર છે, "રજવાડાં" ખતમ થશે, "દેશ આઝાદ" થશે, પણ તમારા "દાયજા"નું શું કરવું?

ત્યારે "ગોહિલવાડ"ની આ "રાણી" એ જવાબ આપ્યો કે, "મહારાજ"ને કહી દો કે આખો "હાથી" જતો હોય ત્યારે એનો "શણગાર" ઉતારવાનો "ના" હોય, "હાથી "શણગાર" સમેત આપો તો જ સારો લાગે.

આરપાર : દેશ આઝાદ થઈ ગયો પછી મહારાજા "કૃષ્ણકુમારસિંહજી" એ મદ્રાસનું "ગવર્નર" પદ શોભાવ્યું, અને એ પણ "૧" રૂપિયાના "માનદ વેતન"ની શરતે."

ઘણી વખત વિચાર આવે છે કે કેવા લોકો પાસે થી આપણે સત્તા, સંપતિ છોડાવી અને કેવા લોકો ના હાથ માં સોપી દીધી...!!!!

**વિશ્વ મહિલા દિને**
**રાષ્ટ્રીય ગૌરવ નું સન્માન આ રાણીબાને**

## નખત્રાણા પોલીસ છાવણી માં ફેરવાયું??ચૂંટણી પૂર્ણ થતાં ખેડૂતો પર દમનગીરી કરવા આખી ફોર્સ ઉતારાયી

**પવારગ્રીડ ને સનપાવર વીજ કંપની ને વીજ લાઈન માટે થઈ ૧૪૪ ધારા હેઠળ રક્ષણ આપવાયું**

નખત્રાણા તાલુકા ના કોટડા જડોદર થી નિકળતી વીજ લાઈન ને લઈ ને સ્થાનિક ખેડૂતો છેલ્લા એક વર્ષ થી સતત પોતાની ની માલિકી ની જમીન માં વીજ ટાવર ને વીજ લાઈન નાખવા માં ખુલ્લી ને વિરુદ્ધ કરી રહ્યા છે. સરકાર માં અનેક જગ્યા રજુઆતો કરી આવેદનપત્ર આપ્યા છે તે છતાં વીજ કંપનીઓ કોઈ નું સાંભળી નથી ને સતા માં બેઠેલા લોકો ની ભાગીદારી હોય ગમે તેવો વિરુદ્ધ કરો તોય ખડૂતો નો સાંભળનાર કોઈ નથી વીજ કંપની ઓ ખુલ્લેઆમ સ્થાનિક ખેડૂતો ને માલીક ની જમીન માં ખૂલે આમ આવી વીજ લાઈન નાખી જાએ છે ટવાર ઉભા કરી જતા રેહયા ના અનેક બનાવો તાલુકા માં છે ત્યારે આવતી કાલે કોટડા વિસ્તારમાં આવેલ પાવર ગ્રીડ કંપની માટે ખાસ ફોર્શ ફળવા માં આવી છે તેમાં એક ..બે DYSP કક્ષા ના અધિકારી ૦૬ પી આઈ ..૧૦ થી ૧૫ પીએસઆઇ ને ૧૫૦ થી વધું પોલીસ જવાનો બંદોબસ્ત માટે ફાળવવા માં આવ્યા છે આટલી ફોર્સ નખત્રાણા માં આજે આવતા લોક મુખે એનેક ચર્ચાઓ થતી હતી ચૂંટણી પતી સરકાર જાગી આટલી ફોર્સ કોણ મુખ્યમંત્રી આવા ના છે??? વગેરે વગેરે પણ કોઈ કંપની માટે ને વીજ લાઈન માટે આટલી ફોર્સ નખત્રાણા માટે પ્રથમ ઘટના છે કે ખડુતો ની સહમતી નથી છતાં તેમના માલિકી ની જમીન માં ફોર્સ ના સહારે વીજ લાઈન નું કામ ચાલુ કરે પણ ખેડૂતો સરકાર ની રીતિ નીતિ સામે રોષ કાયમ માટે રહી જાએ તો નવાઈ નહિ સન પવાર ના હાલ ના સ્થાનિક ધારાસભ્ય ના ગામ વિરાણી માટે પોલીસ પ્રોટેક્શન મળેલ છે જેમાં ગ્રામ પંચાયત એ નો સી આપી ..રૂપિયા લઈ ખુદ ધારાસભ્ય સમાધાન માં સહી કરેલ છે હવે કામ માં ઉડચણ ઉભી કરી રેહયા ના સમાચારો વહેતા થયા છે ..ત્યાં કંપની ને ફોર્શ ફાળવવા માં આવતા લોકો માં અનેક ચર્ચા તાલુકા માં થઇ રહી છે ..કંપની વાળા પૈસા ન બળે ને સરકાર ના બળે કામ કરાવી જાએ છે પણ ખુડુતો ને આજે પણ વળતર મળતું નથી વચેતિયા કરોડો માં રમે છે પણ ખુડતો ને હક્ક માટે લડવું પડે છે.

આટલી પોલીસ ફોર્સ ના કારણે લોકો માં ભય નો વાતાવરણ કંપની ઉભો કરી રહી હોય તેવું હાલ તો દેખાય રહ્યું છે

## MISSION YUVA UTKARSH

**આજ આપણા KKP સમાજના બાળકો પોતાની પ્રતિભા ના પ્રદર્શન માટે વિવિધ વિવિધ ક્ષેત્રો માં પોતાની કિસ્મત અજમાવી રહ્યા છે..**

હાલ માંજ આપણો KKP નો દીકરો KANHA JYOTI VIJAY DHOLU BILASPUR AMBIKA GROUP વાળા શ્રી પરબત બાપા નો પોત્રો ...એ પોતાનું આ એક નવું Albumb બહાર પાડ્યું છે.. જે You Tube પર તહલકો મચાવી રહ્યું છે..ખૂબી ની વાત એ છે કે આ Albumb માં Kanha એ Acting તો કરીજ છે પણ સાથે સાથે આ Song ની Lyrics પણ લખી છે અને એને જાતે ગાયું પણ છે.. Acting .. Lyrics ..અને Singing ત્રણેય કલા ઓ એકજ કલાકાર માં હોવી ખુબજ ગૌરવ ની વાત છે..

આ Albumb ની હજી એક ખાસિયત છે કે આમાં Song Complete થયા પછી દર્શાવેલ છે કે તેઓ એનું Shoot કેવી રીતે કર્યું જેથી આપણે પણ સમજી શકીએ કે આ Albumb ને મૂર્તરૂપ આપવા માં તેઓ એ શું મહેનત કરી છે..

મિત્રો.. KKP Samaj ના વિશાળ આકાશ માં આવા ન જાણે કેટલા તારલા જગમગાવી રહ્યા છે જેમની નોંધ લઈ જો આપણે એમને પ્રોત્સાહિત કરશું તો તેઓ રાષ્ટ્રીય અને અંતરાષ્ટ્રીય ફલક પર આપડા KKP સમાજ નું પરચમ જરૂર લહરાવશે..

આપ સહુ આ You Tube link જોઈ એને Like અને Subscribe કરી પોતાના બહુમૂલ્ય Comment જરૂર થી આપશો...




## ૮ મી માર્ચ મહિલા દિવસ

CHOOSE TO CHALLENGE

Towards a new dawn